# વિઝાના ઈન્ટરવ્યૂની તૈયારી

અત્યારે સ્ટુડન્ટ વિઝાના ઈન્ટરવ્યૂની મોસમ છે. તો ચાલો, આજે હું તમને ફક્ત સ્ટુડન્ટ વિઝાના ઈન્ટરવ્યૂની જ નહીં, પરંતુ દરેક પ્રકારના વિઝા મેળવવા માટેના ઈન્ટરવ્યૂમાં જતાં પહેલાં કેવી તૈયારીઓ કરવી, કયા-કયા ડોક્યુમેન્ટ્સ લઈ જવા, કેવી રીતે જવું અને કેવા કપડાં પહેરવા, એ વિશેની જાણકારી આ પ્રકરણમાં આપું છું. આના પછીના ભાગમાં ઈન્ટરવ્યૂમાં કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બેસવું, કેવી રીતે વર્તવું અને કેવા જવાબો આપવા, એ વિશેની જાણકારી આપીશ.

1. સૌપ્રથમ, ઈન્ટરવ્યૂમાં જતા પહેલાં જો તમે જાણકાર વ્યક્તિને મળીને જે પ્રકારનો વિઝા મેળવવા ઈચ્છતા હો, એ પ્રકારના વિઝાના ઈન્ટરવ્યૂમાં કેવા સવાલો પૂછવામાં આવી શકે છે અને કેવા જવાબોની અપેક્ષા રાખવામાં આવે છે, તે જાણી લેશો તો તમે ગભરાયા વગર સ્વસ્થતાપૂર્વક જવાબો આપી શકશો.

2. જો તમારા કન્સલ્ટન્ટ કે એજન્ટે તમને સવાલોના જવાબો ગોખાવ્યા હોય, તો એ બહુ મોટી ભૂલ છે. તમારે સાચા જવાબો જ આપવાના હોય છે, એટલે જવાબો ગોખવાની જરૂર નથી. તમારા પોતાના શબ્દોમાં જવાબ આપજો. જો ગોખેલા જવાબો આપશો, તો કોન્સ્યુલર ઓફિસર સમજી જશે અને એવો અભિપ્રાય બાંધી લેશે કે તમે જૂઠું બોલવાના છો, એટલે બધું ગોખીને આવ્યા છો.

3. તમારી વિઝા એપ્લિકેશન ધ્યાનથી વાંચીને જજો. એ ફોર્મમાં તમારા એજન્ટે જે વિગતો લખી હોય, તેની પણ તમને સંપૂર્ણ જાણ હોવી જોઈએ, જેથી જવાબ આપતી વખતે તમે ખચકાઓ નહીં.

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

4. તમારા બધા જ ડોક્યુમેન્ટ્સ એક ફોલ્ડરમાં વ્યવસ્થિત રીતે ગોઠવીને અને તેના પર લેબલિંગ કરીને લઈ જજો, જેથી જો ઓફિસર કોઈ ડોક્યુમેન્ટ માંગે તો તમે તરત જ, ફાંફાં માર્યા વગર, શાંતિપૂર્વક કાઢીને તેમના હાથમાં આપી શકો. આમ કરવાથી તમારો અને ઓફિસર - બંનેનો સમય બચી જશે. જો કોન્સ્યુલર ઓફિસર ડોક્યુમેન્ટ્સ ન માંગે, તો જાતે કાઢીને બતાવવાની ઉતાવળ ન કરશો. માંગે ત્યારે જ આપજો.

5. તમે જે હેતુ માટે જતા હો, તેની સંપૂર્ણ માહિતી તમને હોવી જોઈએ. ફરવા જતા હો તો ફરવાના સ્થળો વિશે જાણકારી હોવી જોઈએ. બિઝનેસ વિઝા પર જતા હો તો કોને મળવાના છો, શા માટે મળવાના છો અને શું ચર્ચા કરવાની છે, તેની જાણ હોવી જોઈએ. સેમિનારમાં જતા હો તો તે ક્યાં છે, કયા કારણસર યોજાયું છે અને તેમાં શું ચર્ચા થવાની છે, તેની પણ સંપૂર્ણ માહિતી હોવી જોઈએ.

6. તમારા પાસપોર્ટમાં તથા ઈન્ટરવ્યૂ માટેના ફોટોગ્રાફ પ્રોફેશનલ ફોટોગ્રાફર પાસે પડાવેલા અને માંગવામાં આવેલી સાઈઝના હોવા જરૂરી છે. ફોટામાં તમારો દેખાવ વ્યવસ્થિત હોવો જોઈએ, કારણ કે તમારા પહેલાં તમારો ફોટો કોન્સ્યુલર ઓફિસર સુધી પહોંચે છે અને તે જ તમારી પ્રથમ છાપ ઊભી કરે છે.




**શક્ય હોય તો તેને પણ ઇન્ટરવ્યૂમાં કેવા જવાબો આપવા, તેની સામાન્ય પ્રેક્ટિસ કરાવી દેવી જોઇએ, જેથી છેલ્લી ઘડીએ કોન્સ્યુલર ઓફિસરના મનમાં કોઇ ગેરસમજ ન ઊભી થાય**

7. જો એકથી વધુ વ્યક્તિઓ સાથે ઈન્ટરવ્યૂ આપવા જતા હો, તો આપસમાં કયા જવાબો આપવાના છે, તે અગાઉથી નક્કી કરી લેવું જરૂરી છે. ઈન્ટરવ્યૂમાં એક વ્યક્તિનો જવાબ બીજી વ્યક્તિના જવાબથી જુદો ન પડવો જોઈએ. જો સાથે નાનું બાળક હોય, તો તેને પણ તમારી ટૂર વિશેની મૂળભૂત જાણકારી હોવી જોઈએ. શક્ય હોય તો તેને પણ ઈન્ટરવ્યૂમાં કેવા જવાબો આપવા, તેની સામાન્ય પ્રેક્ટિસ કરાવી દેવી જોઈએ, જેથી છેલ્લી ઘડીએ કોન્સ્યુલર ઓફિસરના મનમાં કોઈ ગેરસમજ ન ઊભી થાય.

8. વ્યવસ્થિત અને પ્રસંગોચિત કપડાં પહેરીને જજો. વિદ્યાર્થીઓએ કપડાંનો ઠઠારો ન કરવો. જો એક્ટર જેવા કપડાં પહેરીને જશો, તો ઓફિસર મજાકમાં પૂછે, 'હાર્વર્ડ કે હોલિવૂડ?' બિઝનેસમેન હો તો બને તો સૂટ-બૂટ પહેરીને જજો. નહીં તો હળવા રંગનું શર્ટ, ડાર્ક પેન્ટ અને ટાઈ પહેરવી યોગ્ય રહેશે. સ્ત્રીઓએ કપડાં અને ઘરેણાંનો ઠઠારો કરવાની જરૂર નથી. ખુલ્લા ગળાનાં કે અંગો દેખાય એવા કપડાં પહેરવાનું ટાળવું. પુરુષોએ દાઢી સરખી ટ્રિમ કરાવેલી અથવા ક્લીન-શેવ રાખીને જવું.

9. ઈન્ટરવ્યૂના આપેલા સમય કરતાં 15થી 20 મિનિટ વહેલા પહોંચી જવું હિતાવહ છે. તેનાથી તમારું મન શાંત રહેશે. સામાન્ય રીતે ઈન્ટરવ્યૂમાં ડોક્યુમેન્ટ્સ સિવાય બીજી કોઈ વસ્તુ અંદર લઈ જવાની પરવાનગી હોતી નથી. તેથી મોબાઈલ ફોન અથવા અન્ય કોઈ વસ્તુ સાથે ન રાખવી. નહીં તો તેને લોકરમાં મૂકવામાં તમારો સમય બગડશે.

તો વિઝામિત્રો, વિઝાના ઈન્ટરવ્યૂમાં જતાં પહેલાં કરવાની તૈયારીઓ વિશે આ માહિતી હતી. આવતા અઠવાડિયે આપણે કોન્સ્યુલેટમાં પ્રવેશ કરીશું અને વિઝાનો ઈન્ટરવ્યૂ કેવી રીતે આપવો, તે વિશે વાત કરીશું.

ઓલ ધ બેસ્ટ. (ક્રમશઃ)

# પરમિટ ભંગના આધારે વીમા કંપની ક્લેમ નકારી ન શકે:જમ્મુ-કાશ્મીર કમિશન




તાજેતરમાં જ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, જમ્મુ દ્વારા વીમાધારકોના હિતમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. Kartar Motors વિ. United India Insurance Company Ltd., અપીલ નં. 3682/2015 માં રાજ્ય કમિશને સ્પષ્ટ કર્યું છે કે માત્ર ટેક્નિકલ ખામી અથવા પોલિસીની શરતનો ગૌણ ભંગ થયો હોવાના આધારે વીમા કંપની સમગ્ર ક્લેમ ફગાવી શકતી નથી. જો તે ભંગ અને અકસ્માત વચ્ચે સીધો સંબંધ સાબિત થતો ન હોય તો વીમા કંપની ક્લેમ ચૂકવવાથી બચી શકતી નથી.

આ કેસમાં ફરિયાદી Kartar Motorsનું વાહન વીમા હેઠળ હતું. અકસ્માતમાં વાહનને નુકસાન પહોંચ્યા બાદ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની સમક્ષ ક્લેમ કરવામાં આવ્યો હતો પરંતુ વીમા કંપનીએ એવો વાંધો લીધો કે વાહનને માત્ર જમ્મુ-કાશ્મીર રાજ્યમાં ચલાવવાની પરવાનગી હતી, જ્યારે અકસ્માત સમયે તે પંજાબ રાજ્યમાં ચાલી રહ્યું હતું. આથી રૂટ પરમિટનો ભંગ થયો હોવાનું કહી કંપનીએ ક્લેમ સંપૂર્ણપણે નામંજૂર કર્યો હતો.

ફરિયાદીએ આ નિર્ણય સામે અપીલ દાખલ કરી હતી.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

રાજ્ય કમિશને બંને પક્ષોની દલીલો તથા દસ્તાવેજી પુરાવાઓનું વિગતવાર પરીક્ષણ કર્યું હતું.

કમિશન સમક્ષ બીજો એક મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો કે વાહનમાં જોખમી માલસામાન લઈ જવાતો હતો અને ડ્રાઈવર પાસે તે માટે જરૂરી એન્ડોર્સમેન્ટ નહોતું પરંતુ કમિશને નોંધ્યું કે ઉપલબ્ધ પુરાવાઓ પરથી એવું નિશ્ચિત રીતે સાબિત થતું નથી. કમિશને એમ પણ નોંધ્યું કે અકસ્માત સમયે વાહનમાં ખાલી સિલિન્ડરો હતા અને આવી સ્થિતિમાં ખાસ એન્ડોર્સમેન્ટની આવશ્યકતા ઊભી થતી નથી. તેથી આ મુદ્દે પણ વીમા કંપનીનો બચાવ સ્વીકારવામાં આવ્યો નહોતો.

રૂટ પરમિટના મુદ્દે રાજ્ય કમિશને એક અત્યંત મહત્ત્વપૂર્ણ કાનૂની સિદ્ધાંત અપનાવ્યો. કમિશને જણાવ્યું કે વીમા કંપનીએ ક્યાંય એ સાબિત કર્યું નથી કે પંજાબમાં વાહન ચલાવવાને કારણે જ અકસ્માત થયો હતો. એટલે કે રૂટ પરમિટના ભંગ અને અકસ્માત વચ્ચે કોઈ કારણભૂત સંબંધ (Nexus) સાબિત થયો નહોતો. આવી સ્થિતિમાં માત્ર ટેક્નિકલ ભંગના આધારે આખો ક્લેમ ફગાવી દેવો અન્યાયી ગણાય. આ માટે કમિશને સુપ્રીમ કોર્ટના Amlendu Sahoo v. Oriental Insurance Co. Ltd. ના ચુકાદાનો આધાર લીધો હતો.

**આ ચુકાદો વીમા કંપનીઓને પણ એક સ્પષ્ટ સંદેશ આપે છે કે પોલિસીની શરતોનો અર્થ એવો ન કાઢવો જોઇએ કે ગ્રાહકને ન્યાય મળવાનો માર્ગ જ બંધ થઇ જાય**

રાજ્ય કમિશને સર્વેયરના અહેવાલને માન્ય રાખીને નુકસાનની રકમ રૂ. 35,318 નક્કી કરી હતી. ત્યાર બાદ 'નોન-સ્ટાન્ડર્ડ સેટલમેન્ટ'ના સિદ્ધાંત મુજબ તેના 75 ટકા એટલે રૂ. 26,489 ચૂકવવાનો આદેશ કર્યો હતો. ઉપરાંત ક્લેમના ગેરવાજબી વિલંબ બદલ રૂ. 33,925 વળતર તથા રૂ. 20,000 કેસ ખર્ચ ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો. આમ કુલ રૂ. 80,414 ફરિયાદીને ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

આ ચુકાદો માત્ર એક વાહનમાલિક પૂરતો મર્યાદિત નથી. સમગ્ર વીમા કાયદા માટે તે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શક છે. ઘણી વખત વીમા કંપનીઓ લાયસન્સ, રૂટ પરમિટ, ફિટનેસ સર્ટિફિકેટ અથવા અન્ય ટેક્નિકલ કારણો દર્શાવીને ક્લેમ નકારવાનો પ્રયાસ કરતી હોય છે પરંતુ અદાલતો અને ગ્રાહક કમિશનો સતત એવો અભિગમ અપનાવી રહ્યા છે કે જો તે ખામી અકસ્માતનું વાસ્તવિક કારણ ન હોય તો ગ્રાહકને વીમા સુરક્ષાથી વંચિત રાખી શકાય નહીં.

આ ચુકાદો વીમા કંપનીઓને પણ એક સ્પષ્ટ સંદેશ આપે છે કે પોલિસીની શરતોનો અર્થ એવો ન કાઢવો જોઈએ કે ગ્રાહકને ન્યાય મળવાનો માર્ગ જ બંધ થઈ જાય. વીમા કરારનો મૂળ હેતુ ગ્રાહકને આર્થિક સુરક્ષા આપવાનો છે, ટેક્નિકલ વાંધાઓ ઊભા કરીને વાજબી દાવાઓ નકારવાનો નથી.

આ નિર્ણય ટ્રાન્સપોર્ટ કંપનીઓ, કોમર્શિયલ વાહન માલિકો, એક્સકેવેટર અને અન્ય ભારે મશીનરીના માલિકો માટે ખૂબ ઉપયોગી છે. ભવિષ્યમાં જો વીમા કંપની માત્ર ટેક્નિકલ ભંગનો આધાર લઈને ક્લેમ ફગાવે તો ગ્રાહક આ ચુકાદાનો આધાર લઈને એવી દલીલ કરી શકશે કે જ્યાં સુધી તે ભંગ અને અકસ્માત વચ્ચે સીધો સંબંધ સાબિત ન થાય ત્યાં સુધી ક્લેમ સંપૂર્ણપણે નામંજૂર કરી શકાય નહીં.

ગ્રાહક સુરક્ષા કાયદાની ભાવના પણ એ જ છે કે ન્યાયનો આધાર વાસ્તવિક હકીકતો પર હોવો જોઈએ, માત્ર ટેક્નિકલ વાંધાઓ પર નહીં.